**રીવ્યુ અરજ નં. ૦૧/૨૦૨૫**

## == આંક-૦૧ લગત હુકમ ==

(૧) આ કામે અરજદાર તરફે સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર ૪૭ / રુલ (૧) મુજબ હાલની રીવ્યુ અરજી આપી જણાવે છે કે, સદર કામે એલ.એ.આર.નં. ૧/૨૪ થી ૧૫/૨૪ ના કામે LAR મેઈન ૧/૨૪ નું જજમેન્ટ નામદાર કોર્ટ નિ. ૩૪ થી તા. ૧૬/૦૪/૨૦૨૪ ના રોજ આપેલ છે. જેમાં નામદાર કોર્ટે ઠરાવ આપેલ છે તેમાં ફાઈનલ હુકમના નં. ૫ માં Schedule be Attached with this judgement દર્શાવેલ છે. જેમાં નામદાર કોર્ટ દ્વારા અગાઉ ચૂકવેલ રકમ બાદ કરીને ચૂકવવાનું શીડ્યુલ પત્રમાં દર્શાવેલ છે. પરંતુ હુકમમાં શરત ચૂકથી લખાવાનું રહી ગયેલ હોઇ હાલની અરજ નામદાર હાઈકોર્ટમાં દાખલ કરતાં ધ્યાને આવેલ હોઈ સદર અરજ દાખલ કરેલ છે. (અ) LAR મેઈન ૧/૨૪ ના કામે ઠરાવમાં (૫) પેરામાં **"અગાઉની એલ.એ.ઓ. દ્વારા અરજદારોને ચુકવેલ રકમ શીડયુલમાં બાદ કરી ચૂકવવા"** તેવો સુધારો કરવા સારૂ હુકમ કરવા મે. કરશોજી.

(૨) આ કામે સામાવાળાને હાલના કામની નોટીસ કાઢવામાં આવતા આ કામના સામાવળા રબારી ભુરાભાઈ જયમલભાઈ તા. ૧/૯/૨૦૧૭ ના રોજ ગુજરી ગયેલ છે તેવા શેરા સાથે સદર નોટીસ તા. ૪/૧૧/૨૦૨૫ ના રોજ પરત આવેલ હોવા છતાં આ કામે અરજદાર તરફે સદર સામાવાળાના વારસોને આ કામે જોડાવાની આજ દિન સુધી કોઈ તજવીજ કરેલ નથી.

(૩) ઉભયપક્ષોની રજુઆતો, કાયદાકીય જોગવાઇઓ તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતા, આ કામે અરજદાર તરફે LAR મેઈન ૧/૨૪ ના કામે ઠરાવમાં (૫) પેરામાં **"અગાઉની એલ.એ.ઓ. દ્વારા અરજદારોને ચુકવેલ રકમ શીડયુલમાં બાદ કરી ચૂકવવા"** તેવો સુધારો કરવા સારૂ હુકમ કરવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે આંક-૦૩ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે. જેમાં નિ. ૩/૧ થી મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ LAR મેઈન ૧/૨૪ ના કામે તા. ૧૬/૪/૨૦૨૪ ના રોજ આખરી હુકમ કરેલ છે. જે વંચાણે લેતા સદર આખરી હુકમના પેરા (૫) માં **"Scheduled be attached with this judgment."** લખેલ છે. જેમાં અરજદારની હાલની અરજી મુજબ **"અગાઉની એલ.એ.ઓ. દ્વારા અરજદારોને ચુકવેલ રકમ શીડયુલમાં બાદ કરી ચૂકવવા"**

તેવો સુધારો કરવા હાલની અરજી તા. ૨૪/૯/૨૦૨૫ ના રોજ કરેલ છે. સદર LAR મેઈન ૧/૨૪ ના કામે તા. ૧૬/૪/૨૦૨૪ ના રોજ નામ. કોર્ટે કરેલ આખરી હુકમનું હુકમનામું તા. ૩૦/૪/૨૦૨૪ ના રોજ કરેલ છે. જ્યારે અરજદારે હાલની અરજી સદર હૂકુમનામું થયા બાદ તા. ૨૪/૯/૨૦૨૫ ના રોજ એટલે કે ૫૧૨ દિવસ બાદ કરેલ હોવાનું જણાઈ આવે છે. જેથી આ તબક્કે લીમીટેશન એક્ટની જોગવાઈઓ વંચાણે લેતા, લીમીટેશન એક્ટના આર્ટીકલ-૧૨૪ માં જણાવ્યા મુજબ નામ. સુપ્રીમ કોર્ટ સિવાયની અદાલત દ્વારા ચુકાદાના રિવ્યૂ (પુનર્વિચારણા) માટે ત્રીસ દિવસ (૩૦ દિવસ)ની મર્યાદા જણાવેલ છે. જ્યારે અરજદારે હાલની અરજી નામ. કોર્ટે કરેલ આખરી હુકમનું હુકમનામું તા. ૩૦/૪/૨૦૨૪ ના રોજ કર્યા બાદ તા. ૨૪/૯/૨૦૨૫ ના રોજ એટલે કે ૫૧૨ દિવસ બાદ કરેલ હોય જે લીમીટેશન એક્ટના આર્ટીકલ-૧૨૪ માં જણાવેલ ૩૦ દિવસના સમય મર્યાદા બહાર કરેલ છે. વધુમાં હાલની અરજી મોડી કરવાનું કોઈ સ્પસ્ટ કારણ પણ અરજીમાં જણાવેલ નથી કે સાથે વિલંબ માફ કરવાની પણ અરજી કરેલ નથી. જેથી અરજદારની હાલની અરજીને સમય મર્યાદાનો બાધ નડે છે તેવું અત્રેની વિનમ્રપણે અદાલતનું માનવું છે. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે Reliance General Insurance Company Limited Versus Mangalsinh @ Mangubha Jilubha Jadeja, 2020 (0) AIJEL-HC 242842 ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, Limitation Act, 1963 - S. 124 - review - power of Tribunal - case of insurance company that it was unnecessarily joined as party opponent - therefore, insurance company filed application - Tribunal allowed application - challenged - held, application was titled as an application for review of order dated 17.10.2013 - said application was filed on 2.2.2019 - therefore, even if review application is maintainable, said review application could not have been registered without there being any condonation of delay in filing it - in present case, no such application for condonation of delay was filed - therefore, registration of said review application was thus illegal - no order could have been passed thereon - further, said application could not be entertained on merits by Tribunal, since order sought to be reviewed had already attained finality before years - further, reasons recorded by Tribunal in impugned order, indicates as if Tribunal has exercised its power as an Appellant Authority, over its own-self - language and substance of impugned order indicates that, Tribunal has passed impugned order contrary to statutory provisions, it is against settled proposition of law, and further it has overstepped its jurisdiction and the same is also in complete disregard to judicial discipline - therefore, impugned order quashed and set aside - petition allowed.

આમ, નામ. ગુજરાત હાઈકોર્ટે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, વિલંબ માફીની અરજી વિના રીવ્યુ અરજીને રજીસ્ટર કરી શકાય નહીં ભલે રીવ્યુ અરજી કાયદાકીય રીતે ચાલવાપાત્ર હોય. જેથી હાલના કામે પણ અરજદારે હાલની રીવ્યુ અરજીમાં વિલંબ માફીની અરજી કરેલ ના હોય નામ. ગુજરાત હાઇકોર્ટના ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા પણ અરજદારની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી તેવું અત્રેની વિનમ્રપણે અદાલતનું માનવું છે.

(૩.૧) વધુમાં અરજદારે પોતાની હાલની અરજીમાં **"અગાઉની એલ.એ.ઓ. દ્વારા અરજદારોને ચુકવેલ રકમ શીડયુલમાં બાદ કરી ચૂકવવા"** નો સુધારો કરવા અરજ કરેલ છે. પરંતુ નામ. સુપ્રીમ કોર્ટે તા. ૮/૯/૨૦૨૫ ના રોજના Malleeswari Versus K.Suguna, 2025 (0) AIJEL-SC 75838 ના ચુકાદાના પેરા-૧૫.3 માં પ્રસ્થાપિત કરેલ છે કે,

15.3 In exercise of the jurisdiction under Order 47 Rule 1 of CPC, it is not permissible for an erroneous decision to be reheard and corrected. A review petition, it must be remembered, has a limited purpose and cannot be allowed to be an appeal in disguise.

આમ, નામ. સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ રીવ્યુ હકુમતનો ઉપયોગ કરતી વખતે ભુલભરેલા નિર્ણયને ફરીથી સાંભળવો અને તેમાં સુધારો કરવો તે માન્ય નથી. રીવ્યુ અરજીનો હેતુ મર્યાદિત છે અને તેને છુપી અપીલ તરીકે ચલાવવાની મંજુરી આપી શકાય નહીં. નામ. સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત સિધ્ધાંતને હાલના કેસની હક્કત અને સંજોગો સાથે જોતાં, હાલના કેસમાં પણ મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ પોતાના હુકમના પેરા (૫) માં **"Scheduled be attached with this judgment."** લખેલ છે અને તે સિડ્યુલમાં પણ અગાઉની એલ.એ.ઓ. દ્વારા અરજદારોને ચુકવેલ રકમ જણાવેલ છે. જેથી પણ અરજદારની હાલની અરજીમાં જણાવ્યા મુજબનો **"અગાઉની એલ.એ.ઓ. દ્વારા અરજદારોને ચુકવેલ રકમ શીડયુલમાં બાદ કરી ચૂકવવા"** સુધારો LAR મેઈન ૧/૨૪ ના કામે તા. ૧૬/૪/૨૦૨૪ ના રોજ નામ. કોર્ટે કરેલ આખરી હુકમમાં કરવો જરૂરી જાણતો નથી તેમજ નામ. સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ રીવ્યુ હકુમતનો ઉપયોગ કરતી વખતે ભુલભરેલા નિર્ણયને ફરીથી સાંભળવો અને તેમાં સુધારો કરવો તે માન્ય નહી હોવાનું જણાવેલ હોય અરજદારની હાલની અરજી નામ. સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત

ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા પણ મંજુર કરવા પાત્ર જણાતી નથી તેવું અત્રેની અદાલતનું વિનમ્રપણે માનવું છે.

આમ, અરજદારની અરજીને સાથે રજુ દસ્તાવેજી પુરાવા સાથે વંચાણે લેતા તેમજ ઉપરોક્ત તમામ ચર્ચા કર્યા મુજબ અરજદારની અરજી મંજુર કરવા પાત્ર જણાઈ આવતી ના હોય નામંજુરને પાત્ર ગણી ન્યાયના વિશાળ હિત ખાતર નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

**૧. અરજદારની અરજી નામંજુર યાને રદ કરવામાં આવે છે.**

૨. આ અરજીનું તમામ ખર્ચ અરજદારે ભોગવવું.

3. હુકુમની એક નકલ LAR મેઈન ૧/૨૪ ના કામે સામેલ રાખવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૦૭/૦૪/૨૦૨૬
સ્થળ- વિજાપુર.

(ધર્મેન્દ્રકુમાર અશોકભાઇ પટેલ)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
વિજાપુર. Code No. GJ01228